ગાંધીનગર સમાચાર

શહેરમાં નજીવા વરસાદના પગલે સ્ટ્રીટલાઈટ ડૂલ થઈ જાય છે

# સેકટરોમાં એપ્રોચ તેમજ રીંગ રોડ પર સ્ટોર્મ વોટર લાઈનના કામ માટે સર્વે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા હજુ માત્ર ૭ જ સેકટરોમાં ઉપલબ્ધ છે. જયારે શહેરના અન્ય સેકટરોમાં વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરવા તંત્ર દ્વારા સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. હાલ સેકટરોમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જેના અંતે સેકટરોના એપ્રોચ તેમજ રીંગરોડને વરસાદી પાણીના ભરાવાથી મુકત કરવા આગામી સમયમાં કામ હાથ ધરાશે.

**શહેરમાં હાલ માત્ર ૭ જ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા છે : સર્વે માટે એજન્સીએ કામ શરૂ કર્યું**

શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે દાયકાઓના અંતે પણ જરૂરી કામગીરી થઈ શકી નથી. જેના પરિણામે વરસાદી દિવસોમાં સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. શહેરમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે ચોમાસા દરમિયાન સેકટરોના કોમન પ્લોટ તેમજ એપ્રોચ રસ્તા અને રીંગ રોડ પર વરસાદી પાણી હિલોળા લેતુ નજરે પડે છે. શહેરના તમામ સેકેટરોમાં વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરવા અગાઉ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ વિભાગ કક્ષાએથી કોઈ નિર્ણય ન લેવાતા લાંબા સમયના અંતે આ દિશામાં કોઈ કાર્યવાહી થઈ શકી નથી. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હાથ ધરવાની કામગીરીમાં અન્ય યુટીલીટી લાઈન્સ પસાર થતી હોવાથી અભ્યાસ કરવો અનિવાર્ય થઈ પડયો છે. આવા સંજોગોમાં છેલ્લા પાંચ વર્ષથી દરખાસ્તો વચ્ચે અટવાયેલા આ પ્રોજેકટ મામલે આખરે તંત્ર દ્વારા સેકટરોમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. આ માટે એજન્સીને કામ સોંપવામાં આવ્યુ છે. એજન્સીએ સેકટરોમાં સર્વેની કામગીરી શરૂ કરી દિધી છે. જેની પાછળ રૂપિયા ૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. સેકટરોના એપ્રાચ તેમજ રીંગ રોડ પર સર્વે હાથ ધરવામાં આવ્યો છે.



**ગંદકીથી છલકાયું તળાવ -** શહેરના સેક્ટર-૪નું તળાવ ગંદકીથી છલકાઈ ઉઠ્યું.... તળાવમાં પાણી કરતા ગંદકી વધારે છે... આખા સેક્ટરની ગંદકી તળાવમાં ઠળવાતી હોય એમ લાગે છે... આસપાસના પશુપાલકો દ્વારા છૂટા મુકાતા પશુઓ દ્વારા તળાવમાં ફેલાવાતી ગંદકી પણ નોંધપાત્ર હોય છે... તંત્ર દ્વારા તાકિદે સફાઈ નહિ કરાય તો વરસાદની મોસમમાં ઉત્પન્ન થતા મચ્છરો માટે સ્વર્ગ બની જશે... લાંબે ગાળે સમગ્ર વિસ્તાર રોગચાળાની લપેટમાં આવે તેવી દહેશત આજે વર્તાય છે.... **(તસવીર : કશ્યપ નિમાવત)**



**જય સાંઈનાથ -** નગરના નવા તીર્થ તરીકે સેક્ટર-૩, સાંઈબાબા મંદિર ઉભરી રહ્યું છે... દર ગુરૂવારે સાંજે ભાવિકોની ભીડથી સાંઈબાબા મંદિરે જતો માર્ગ ભાવિકોથી છલકાય છે... શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી સેંકડોની સંખ્યામાં ભાવિકો સાંઈનાથ ચરણે શીશ ઝુકાવવા આવે છે... ભાવિકોની ભીડના પગલે માર્ગો પર પાથરણા બજાર પણ જામ્યું છે... શાકભાજી, કપડા, રમકડાં, પૂજાપો, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વેચાણ દર ગુરૂવારે મોટા પ્રમાણ થાય છે... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# શહેરમાં નજીવા વરસાદના પગલે સ્ટ્રીટલાઈટ ડૂલ થઈ જાય છે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં વરસાદી ઋતુમાં સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો વારંવાર ડુલ થઈ જતા રહશોને સાજ ઢળતા જ અંધારપટ્ટના લીધે હાલાકી વેઠવી પડે છે. છેલ્લા ઘણાં સમયથી શહેરના નવા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેવાથી નાગરીકોને ડગલે ને પગલે મુશ્કેલી ભોગવવી પડે છે. રાત્રીના સમયે વરસાદી માહોલમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા ભયનો માહોલ સર્જાય છે. સેકટર-૨ અને ૩ માં ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટો બંધ રહેવાથી નાગરિકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

ગાંધીનગરમાં વરસાદી વાતાવરણમાં સેકટરોમાં સ્ટ્રીટલાઈટો વારંવાર ડુલ થઈ જાય છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ થઈ જતા સાંજ ઢળતા જ અંધાર પટ્ટ છવાઈ જાય છે. વરસાદી વાતાવરણમાં સેકટરોની શેરીઓમાં લાઈટો પણ ડુલ થતા આમ નાગરિકોએ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ખાસ કરીને નવા સેકટરોમાં વારંવાર સ્ટ્રીટ લાઈટના ધાંધિયા રહિશો માટે શિરદર્દ સમાન બને છે. થોડા સમય અગાઉ ભારે વરસાદના સંજોગોમાં પણ સેકટરોમાં ત્રણ ચાર દિવસ સુધી અંધારપટ્ટ છવાયેલો જોવા મળ્યો હતો.છેલ્લા ત્રણ ચાર દિવસથી સેકટર ૨ અને ૩ માં પણ ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી નાગરિકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. સેકટર-૩ સીમાં પણ શોપિંગ તરફ જવાના મુખ્ય રસ્તા પર પણ વારંવાર લાઈટો ડુલ થઈ જાય છે.

**સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ થઈ જતા સાંજ ઢળતા જ અંધારપટ છવાઈ જાય છે**

# દેશપ્રેમી ઓમકારસિંહ ઠાકુરનું મુસ્લિમ અગ્રણીઓ સન્માન કરશે

**છેલ્લા ૨૦ વર્ષથી દર સ્વાતંત્ર્યદિને નગરજનોનું જલેબી ખવડાવી મોં મીઠુ કરાવે છે : આ સાથે મ્યુઝીકલ પાર્ટી અને રકતદાનના કાર્યક્રમનું પણ આયોજન કરે છે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સે. ૨૧માં પાન પાર્લર ચલાવતા ઓમકારસિંહ ઠાકુર દર વર્ષે ૧૫મી ઓગષ્ટે સ્વખર્ચે ગરીબો, શાળાના ભૂલકાંઓ સહિત નગરના તમામ નગરજનોને ગરમાગરમ જલેબી ખવડાવી મોં મીઠું કરાવે છે. છેલ્લા વીસ વર્ષથી તેમનો આ કાર્યક્રમ દર સ્વાતંત્ર્ય દિવસે યોજાય છે. તેમના આ દેશપ્રેમની કદરરૂપે ગાંધીનગરના મુસ્લિમ અગ્રણીઓ દ્વારા આ વર્ષે સ્મૃતિચિહ્ન આપી તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવનાર છે.



સ્વાતંત્ર્યતા દિવસ આવે એટલે દરેક ભારતીયના દિલમાં દેશભક્તિનો મહાસાગર ઘુઘવવા લાગે છે. ગાંધીનગરમાં છેલ્લા ૨૦ વર્ષથી ઓમકારસિંહ ઠાકુર સ્વાતંત્ર્ય દિની અનોખી ઉજવણી કરે છે. તેઓ તમામ નગરવાસીઓને સ્વખર્ચે ગરમાગરમ જલેબી ખવડાવી મોં મીઠુ કરાવે છે. આ ઉપરાંત દેશભક્તિના ગીતો, સંગીત, મિમિક્રી, કવ્વાલી વગેરેનો કાર્યક્રમ પણ યોજે છે. આ ઉજવણીની સાથે સાથે રકતદાન શિબિરનું પણ અહીં આયોજન કરવામાં આવે છે. ઓમકારસિંહનું કહેવું છે કે જલેબી ખવડાવી તેઓ દેશવાસીઓના દિલમાં રહેલા વેરઝેર, બદલાની આગ વગેરે નકારાત્મકતા દૂર કરી સ્નેહભાવ સાથે માનવતાની મહેંક પ્રસરાવવાની કોશિષ કરે છે. એકબીજા સાથેના મીલનથી ભારત દેશ સફળતાની ઉંચાઈઓ સર કરશે તેવો તેમને દઢ વિશ્વાસ છે.

આ વર્ષે મુસ્લિમ અગ્રણીઓ દ્વારા ઓમકારસિંહનું મોમેન્ટો આપી તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવનાર છે. આ સન્માન માટે અગ્રણીઓમાં આઝાદભાઈ મન્સુરી, શ્રીમતિ લાડબહેન, ઈનાયતઅલી સૈયદ, યુસુફભાઈ મન્સુરી, ભુરાભાઈ મન્સુરી, હનિફભાઈ મન્સુરી, યાકુબભાઈ મન્સુરી અને અન્ય મુસ્લિમ બિરાદરોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે સીતારામ પટેલ અને જિતેન્દ્રસિંહ વાઘેલા પણ ઉપસ્થિત રહેનાર છે.

# સાબરમતી નદીના ઉપરવાસમાં વરસાદને કારણે ધરોઈ ડેમમાંથી પાણી છોડાયું

ગાંધીનગર, તા. ૧૩

સાબરમતી નદી પર બાંધવામાં આવેલ ધરોઈ ડેમમાં પાણીની આવક ચાલુ રહેતાં આજે ૧૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

સાબરમતી નદીના ઉપરવાસમાં થઈ રહેલા વરસાદને કારણે હાલ ડેમમાં પાણીની આવક થઈ રહી છે. આજે ૧૫ હજાર ક્યુસેકની આવક સામે ૧૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.


હાર્દિક અભિનંદન





ભરતસિંહ સોલંકી
પ્રમુખ શ્રી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ



શંકરસિંહ વાઘેલા
વિરોધ પક્ષના નેતા
ગુજરાત વિધાનસભા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકી સાહેબ તેમજ વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સાહેબ ની ભલામણ થી અરવલ્લી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી પ્રતાપસિંહ ખાંટે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતીમાં મહામંત્રી પદે સમીરખાન બલોચ ની નિમણુક કરવામાં આવી છે. તે બદલ ખુબ ખુબ શુભેરછાઓ.... આપ ઉત્તરોઉત્તર પ્રગતી કરો તેવી શુભકામનાઓ....

સમીરખાન એ. બલોચ
મહામંત્રી, અરવલ્લી જીલ્લા કોંગ્રેસ

મહેન્દ્રસિંહ વાઘેલા (ધારાસભ્યશ્રી બાયડ )
અનિલભાઈ જોષીયારા (ધારાસભ્યશ્રી ભીલોડા)
રાજેન્દ્રસિંહ ઠાકોર(ધારાસભ્યશ્રી મોડાસા )
અરુણભાઈ પટેલ (ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મંત્રી )
વનરાજસિંહ રાઠોડ ( ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મંત્રી)
યુસુફભાઈ પરમાર (પુર્વ ડેપ્યુટી મેયર મહાનગરપાલિકા ગાંધીનગર)
યુસુફભાઈ શેખ (સેક્રેટરી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ લઘુમતી સેલ)
જશુભાઈ એસ પટેલ (જીલ્લા પંચાયત સદસ્ય અરવલ્લી )
અહેમદખાન કે બલોચ (આચાર્યશ્રી સારસ્વત હાઈસ્કુલ)
પંકજભાઈ પટેલ (સાબરકાંઠા બેંક ડીરેકટર )
અદેસિંહ એમ ચૌહાણ (બાયડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ)
હર્ષદભાઈ એસ પટેલ (બાયડ શહેર કોંગ્રેસ પ્રમુખ)
સુરેન્દ્રસિંહ (તાલુકા પ્રમુખ માલપુર)
મણીભાઈ સી પટેલ (ઉપ પ્રમુઅ અરવલ્લી જીલ્લા કોગ્રેસ સમિતિ )
પ્રકાશભાઈ પટેલ (વિરલ ઓટો બાયડ)
કેશાભાઈ રાઠોડ

રમણભાઈ શંકરભાઈ પટેલ
સમીર આર બલોચ (પ્રમુખ બાયડ તાલુકા લઘુમતી સેલ)
ડી.એન.મલેક ( પ્રમુખ બાયડ શહેર કોંગ્રેસ લઘુમતી સેલ )
હુસેનભાઈ ખાલક (વિરોધ પક્ષ નેતા મોડાસા નગરપાલિકા)
આફતાબભાઈ દુરાની (કોર્પોરિટર મોડાસા નગરપાલિકા )
સિકંદરભાઈ સુથાર ( કોર્પોરિટર મોડાસા નગરપાલિકા )
ભાવીકભાઈ જોશી (મંત્રી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ આઈટી સેલ )
રાહુલભાઈ પટેલ (પ્રમુખ યુથ કોંગ્રેસ મોડાસા વિધાનસભા)
કેતુલભાઈ જયસ્વાલ (પ્રમુખશ્રી એકિટવ પ્રેસ એશોસીએસન મોડાસા)
તસ્લીમભાઈ સુથાર (વી.ટી.વી)
ભરતભાઈ કડીયા (નિર્માણ ન્યુઝ )
રાકેશભાઈ પટેલ (જીએસટીવી)
પ્રમોદભાઈ પંડયા (સંદેશ )
રાકેશભાઈ પટેલ (દિવ્ય ભાસ્કર )
અશોકભાઈ પરમાર (દિવ્ય ભાસ્કર)
પ્રભુદાસભાઈ પટેલ (ગુજરાત સમાચાર)

મહેન્દ્રભાઈ પટેલ (સુદર્શન ન્યુઝ)
શૈલેષભાઈ પંડયા (સંદેશ ટીવી )
હાર્દિકભાઈ પટેલ (ઈટીવી)
અતુલભાઈ પરમાર
નિકેશભાઈ વાળંદ (સંદેશ ટીવી)
યુસુફભાઈ જમાદાર (ગુજરાત ટુડે)
અવનીસ ગોસ્વામી (ટીવી નાઈન)
ઈકબાલભાઈ ચીસ્તી (આજકલ)
ભરતભાઈ પરમાર (ફુલછાબ)
અલ્પેશભાઈ રાઠોડ (એસ નાઈન ટીવી)
ગોપાલભાઈ પટેલ (જનસત્તા)
જીતેન્દ્રભાઈ પટેલ (ગાંધીનગર સમાચાર)
ક્ષીતીજ રુપાલી (જીએસ ટીવી)
નીલેશ સથવારા (વીટીવી)
મહેશ પરમાર (લોકાર્પણ દૈનિક)
દેવગોસ્વામી (ડીડી ન્યુઝ)
જગદીશભાઈ પટેલ

સંકલન :- જીતેન્દ્ર પટેલ (૯૪૨૭૩૬૮૫૦૩) મોડાસા અરવલ્લી - જીલ્લા બ્યુરો ઓફીસ, પ્રમુખધામ કોમ્પ્લેક્ષ, મોડાસા


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com